# દેશ–વિદેશના કલાત્મક ધ્વજોનું પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ભારત તેમજ દેશવિદેશના કલાત્મક ૨૪૦ જેટલા વિવિધ દેશોના રાષ્ટ્રિય ધ્વજ, ભૌગોલિક સ્થાન દર્શાવતા નકશા, વિસ્તાર, વસ્તી, ચલણ, ભાષા, ધર્મ વગેરે માહિતી તેમજ વિવિધ દેશોના રાષ્ટ્રિય ધ્વજ અંકિત થયેલી ટપાલ ટિકિટોના પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન તા.૦૫.૦૮.૧૦ થી તા.૨૯.૦૮.૧૦ સુધી સવારે ૦૯–૩૦ થી સાંજે ૪.૩૦ સુધી જાહેર જનતા માટે ખુલ્લું રાખવામાં આવશે. તા.૧૫–૦૯–૨૦૧૦ તથા તા.૨૪–૦૯–૨૦૧૦ના રોજ સાયન્સ સેન્ટર સુરત બંધ રહેશે.

## *ભારતીય ધ્વજની વિકાસગાથા*

જર્મનીના સ્ટુટગર્ટ શહેરમાં સમાજવાદીઓની વિશ્વપરિષદ યોજાય છે. જગતના ખૂણેખૂણેથી સમાજવાદી ધુરંધરો મોટી સંખ્યામાં હાજરી આપવા ઉમટયા છે. સૌ એક જ વિચારધારામાં વહી રહયા છે કે ઔદ્યોગિક ક્રાંતિની આંધીમાં કામદાર વર્ગ કચડાય જવો ન જોઈએ. આર્થિક વિકાસના ફળનો સ્વાદ દરેકને સરખા ભાગે ચાખવા મળવો જોઈએ. આ સભામાં હિન્દુસ્તાનનું પ્રતિનિધિત્વ કરી રહેલાં પારસી બાનુ ભીખાઈજી કામાએ તો પોતાની બેઠક લીધા બાદ આમતેમ નજર ફેરવવા માંડી ત્યાં જ એમના ચહેરા પર વ્યગ્રતા પ્રસરવા લાગી. પરિષદમાં હાજરી આપનારા સર્વે સભ્યોના હાથમાં પોતપોતાનો રાષ્ટ્રધ્વજ હતો. મેડમ કામાના હાથ સાવ ખાલી હતા. દેશ ભલે આઝાદ ન હતો, પણ કોગ્રેસ પક્ષે તો ત્રિરંગા ઝંડાને રાષ્ટ્રધ્વજ તરીકેની સ્વીકૃતિ આપી દીધી હતી. મેડમ કામા મનોમન વસવસો કરવા લાગ્યાં. હવે શું કરવું ? બધાના હાથમાં રાષ્ટ્રધ્વજ અને પોતે સાવ ખાલી હાથે? તેમનું દેશાભિમાન ઘવાયું. પરિષદ ભારતની ભૂમિ પર નહોતી કે બહાર જઈ ઝંડો લઈ આવે. છતાં ભીખાઈજી કામા હિંમત હાર્યા નહીં. સંકલ્પ કરીને એ સભાખંડમાંથી બહાર સરકી જઈ તેમને ઉતારો અપાયો હતો એ હોસ્ટેલ પર પહોંચ્યાં. આટલા જલદી પાછા ફરી જવાનું કારણ મિત્રોએ પૂછયું, તો જવાબ આપવાને બદલે પોતાની બેગમાંથી રંગબેરંગી સાડી બહાર કાઢી. બધા અવાક બનીને તેમની ચેષ્ટા નિહાળતા રહયા. એટલી વારમાં મેડમ કામાએ એક ત્રિરંગો ઝંડો તૈયાર કરી નાખ્યો. જુદુ જુદી સાડીમાંથી કેસરી, લાલ, અને લીલા રંગના પટ્ટા કાપ્યા. સોયના ટાંકાથી ત્રણે પટ્ટા સાંધી દઈ ઝંડો તૈયાર કર્યો. લીલા પટ્ટામાં આઠ કમળના ફૂલ હાથેથી ચીતરી લીધા. વચ્ચે કેસરી પટ્ટા પર ભૂરા રંગે વંદેમાતરમ્ લખ્યું અને લાલ પટ્ટામાં સૂર્ય– ચંદ્ર પ્રતિક અંકિત કર્યુ. એ ઝંડો લઈને મેડમ કામા ઝડપભેર ફરી પરિષદના સ્થળે પહોંચી ગયાં. દાખલ થતાં જ યજમાન દેશના અધિકારીએ પ્રશ્ન કર્યોઃ તમે તો ઈન્ડિયાથી આવો છો? તમારા હાથમાં યુનિયન જેક

(બ્રિટીશ ફ્લેગ) હોવો જોઈએ. આ કોનો ધ્વજ લઈ  આવ્યા ? જરાય ખચકાયા વગર મેડમ કામાએ મગરૂબીથી ઉતર આપ્યો: ' ભારતીય આઝાદીનો આ પ્રથમ ઝંડો છે, એને સલામી આપો.'  આતંરરાષ્ટ્રીય મંચ પર દેશદાઝના જુસ્સાભેર મેડમ કામાએ ત્રિરંગો ઝંડો ફરકાવવાનું આ ક્રાંતિકારી પગલું ભર્યુ ત્યારે તારીખ ૧૮ ઓગષ્ટ, ૧૯૦૭... તેના બરાબર ૪૦ વરસ પછી ઓગષ્ટ મહિનામાં ભારતને આઝાદી મળી.  માત્ર ભારત જ નહીં, દુનિયાનો દરેક દેશ રાષ્ટ્રધ્વજ ધ્વારા પોતાની આગવી ઓળખ દાખવે છે. આ આતંરરાષ્ટ્રીય પ્રથા પણ કંઈ સો બસો વરસ નહીં, હજારો વરસ પુરાણી છે. ધ્વજ, પતાકા કે ઝંડાની રસમ કયાં કયારે અને કેવી રીતે શરૂ થઈ તેના ઈતિહાસ બાબત ભલે મતભેદ પ્રવર્તતા હોય, પરંતુ એક વાત નિશ્ચિત અને નિર્વિવાદ રીતે સિધ્ધ થઈ છે કે દુનિયાનો પ્રથમ ઝંડો હિન્દુસ્તાનમાં જ લહેરાયો હતો. વૈદિક અને પુરાણકાળમાં રચાયેલા શાસ્ત્રો–પુરાણોમાંથી જાતજાતના ધ્વજોનો ઉલ્લેખ મળે છે. એ કાળમાં રાજા–મહારાજાઓ ધ્વારા પોતપોતાની વિશિષ્ટ ધજાનો વ્યાપક ઉપયોગ થતો, રથ,ઘોડા, પાલખી, કિલ્લા, મહેલ, નગરનિવાસ, કોઠી દરેક સ્થળે જે તે રજવાડાની ઓળખ છતી કરતી પતાકા ફરકાવવાની પ્રથા રામાયણ અને મહાભારત કાળમાં હતી જ. મયૂરધ્વજ, સૂર્યધ્વજ, મકરધ્વજ વગેરે રાજાઓના નામ આ વાતની સાક્ષી પૂરે છે. મહાભારત યુધ્ધમાં અર્જુન જે રથ પર સવારી કરતો તે વિજયધ્વજનું તો ' મહાભારત ' ગ્રંથમાં પણ સવિસ્તાર વર્ણન થયું છે. વનવાસમાં માર્ગદર્શક બનેલા વૃધ્ધ હનુમાનજીએ અર્જુનને વરદાન આપેલું કે ' તને મારી સૌથી વધુ આવશ્યકતા હશે ત્યારે હું તારી પડખે હોઈશ અને તારા છત્રની રક્ષા કરીશ'.પવનપુત્ર હોવાને નાતે હનુમાન ભીમ માટે પણ આત્મીયભાવ ધરાવતા હતા. પાંડુપુત્રો માટેની આ લાગણીને લીધે જ મહાભારત મહાસંગ્રામમાં હનુમાનજી અર્જુનનાં રથની ધ્વજામાં સવાર થયેલા દેખાય છે.



રાજ–રજવાડા ધર્મ અને કુળની અલગ ઓળખ માટે સુધ્ધા ધજા–પતાકાનો ઉપયોગ થાય છે. આજેય જાણકાર દૂરથી જ ધજાનો રંગ અને આકાર જોઈને કહી આપે છે કે, એ કયા મંદિર ધજા છે. હિન્દુઓના મંદિર પર મહદ્અંશે કેસરી રંગની ધજા જોવા મળે તો મસ્જિદ પર લીલો ધ્વજ ફરકતો દેખાય.

પ્રાચીનકાળની ભારતીય ધજાની મોટી વિશેષતા એ હતી કે મોટેભાગે ત્રિભૂજાકાર (ત્રિકોણાકાર) હતી. જેમાં અલગ ચિહ્નો અંકિત કરેલા રહતાં. જેમ કે હિન્દુઓની ધાર્મિક ધજા પર મોટે ભાગે ૐ અથવા સ્વસ્તિકની આકૃતિ અંકિત કરાતી તથા રાજાઓના પ્રતિક–ધ્વજો પર કોઈ પશુ–પક્ષી કે ફૂલની આકૃતિ જોવા મળતી. રથ કે છાવણી પર ફરકતી ધજા જોઈને શત્રુ સમજી જતો કે કયા રથ પર રાજા સવાર છે ને કયા રથપર સેનાપતિ.

બૌધ્ધ ધર્મના પ્રચાર તથા પ્રસારની સાથે ધ્વજ ધારણ કરવાની પ્રથા અખંડ ભારતના સીમાડા પાર કરીને શ્રીલંકા, ચીન, બર્મા વગેરે દેશોમાં ફેલાવા લાગી. ત્રિકોણાકાર ધ્વજને બદલે ચોરસ આકારની ધ્વજા અપનાવી અને ત્યાર પછી દુનિયાના દરેક દેશે ચોરસ અથવા લંબચોરસ આકારનો જ રાષ્ટ્રધ્વજ અપનાવ્યો. એક માત્ર અપવાદ નેપાળનો છે. વિશ્વના આ એક માત્ર હિન્દુ રાષ્ટ્રનો ધ્વજ મંદિરની પતાકા જેવો છે. બે ત્રિકોણ ભેગા કરેલા લાલ રંગના નેપાળી રાષ્ટ્ર ધ્વજમાં સૂર્ય, ચંન્દ્ર અને તારાને પ્રતિક સફેદ રંગમાં અંકિત થયું છે. આવો બે પૂંછડીયો ઝંડો વિશ્વમાં એક માત્ર નેપાળ જ ધરાવે છે

વહાણ વટુ ખેડનારા પોતે કયા દેશના વતની છે તેની ઓળખ આપવા જહાજના ઉંચા કૂવાથંભ પર રંગીન કપડાંની પતાકા બાંધતા હોવાનો ૩૦૦૦ વર્ષ જુનો પુરાવો ઈજીપ્તમાંથી મળી આવે છે. એ દૃષ્ટિએ પણ ધજા– પતાકાનું અસ્તિત્વ સદીઓ જુનું હોવાની વાતને સર્મથન મળે છે.

રાજા રામમોહનરાય હિન્દુસ્તાન પાછા ફર્યા પછી તેમના જ શહેર કોલકતામાં આપણો રાષ્ટ્રીય ધ્વજ આ સદીની શરૂઆતમાં આકાર લેતો થયો. લોર્ડ કર્ઝને બંગાળના ભાગલા પાડયા, હિન્દુ મુસ્લીમ એકતા માટે આંદોલનો શરૂ થયાં. **૭ ઓગષ્ટ, ૧૯૦૬**માં બંગભંગનો વિરોધ કર્યો અને કોલકતાના ગિયર પાર્કમાં પારસીઓના એક રાષ્ટ્રીય સમારોહમાં પહેલીવાર ભારતીય ત્રિરંગો ફરકયો. તેમાં કમળ, વંદેમાતરમ્ અને ચાંદ–સિતારા પણ અંકિત થયા હતા.



BANGBHANG Flag - 1906

સુરેન્દ્રનાથ બેનરજીએ આ ધ્વજ ફરકાવ્યો ત્યારે ૧૦૧ ધડાકા કરીને તેને સલામી અપાઈ હતી. પછીના વર્ષે આવો જ એક ઝંડો મેડમ ભીખાયજી કામાએ જર્મનીના સ્ટુટગાર્ટ શહેરમાં ***૧૮ ઓગષ્ટ, ૧૯૦૭*** માં થોડા ફેરફાર સાથે લહેરાવ્યો હતો.



KAAMAA Flag 1907

આપણા ત્રિરંગાના પ્રારંભિક સ્વરૂપમાં ઉપર લીલો પટ્ટો, વચ્ચે કેસરી અથવા સોનેરી પટ્ટો તથા_નીચેનો પટ્ટો લાલ રંગનો રખાયો હતો. ઉપલા ભાગમાં આઠ કમળ ચીતર્યા હતા તે તત્કાલીન આઠ પ્રાંતના પ્રતિક હતાં. હેમચંદ્ર કાનુન્ગો તથા વીર સાવરકરે પણ આ ધ્વજની રચનામાં ફાળો આપ્યો હતો. પરંતુ ત્યાર પછી એ ત્રિરંગા ધ્વજમાં ઝડપથી ઘણા ફેરફાર થતા ગયા.

૧૯૧૬માં એક એવો પ્રસ્તાવ પણ કોંગ્રેસ સમક્ષ આવ્યો જેમાં નવ પટ્ટીઓ તથા સૌથી ઉપર એક ખૂણામાં બ્રિટનના યુનિયન જેકની પ્રતિકૃતિ મૂકવી. એ જ વખતે લોકમાન્ય ટિળક અને એની બેસન્ટના **૧૯૧૭**ના હોમ રૂલ આંદોલને એક બીજા ઝંડાને જન્મ આપ્યો. તેમાં પાંચ લાલ અને ચાર લીલી આડી પટ્ટીઓ હતી. વચમાં સફેદ તારા બનાવ્યા હતા. જમણા ખૂણામાં યુનિયન જેકનું ચિત્ર હતું અને ડાબા ખૂણે તારા તથા ચંદ્ર હતા.




પરંતુ બ્રિટીશરોની ઘુષણખોરીને ફગાવી દેવા માંગતા કેટલાક રાષ્ટ્રીય નેતાએ આપણાં ધ્વજમાં યુનિયન જેકની કોઈ જ છાપ નહીં રાખવાની જીદ કરીને કોંગ્રેસના વિજયવાડા સંમેલનમાં મહાત્મા ગાંધીજીની  સલાહથી ઝંડામાં ફરી પરિવર્તન આણ્યુ. એ નવો ઝંડો લાલ અને લીલા રંગના બે પટ્ટામાં વહેચાયેલો હતો. જલંધરના સ્વાતંત્ર્ય સંગ્રામના સેનાની લાલા હંસરાજની સૂચનાથી બાપુએ આ ધ્વજમાં ચરખાનું ચિત્ર પણ અંકિત કરાવેલું.

હિન્દુઓનો લાલ રંગ અને મુસ્લિમોનો લીલો રંગ એવું ધારી લઈએ તો હિન્દુસ્તાનમાં વસતા વિવિધ ધર્મી અન્ય નાગરિકોનું શું ? આવો પ્રશ્ન અનેક લોકોએ ઉઠાવ્યો ત્યારે ગાંધીજીએ તેમને માટે પણ ઝંડામાં અલગ રંગનો પટ્ટો રાખવાનો નિર્ણય કર્યો. છેવટે **૧ મે, ૧૯૨૩**ના નાગપુર ઝંડા સત્યાગ્રહ પછીથી ચોથીવાર ફેરફાર કરીને નવો ધ્વજ બન્યો. જેમાં લાલ, સફેદ અને લીલા રંગના પટ્ટા હતા. વધારાનો સફેદ રંગ અન્ય જાતિ–જમાત માટેના પ્રતિક રૂપે ઉમેરવામાં આવ્યો.




ત્યાર પછી **૨ એપ્રિલ, ૧૯૩૧**માં ધ્વજ સમિતિની રચના કરવામાં આવી જેણે કેસરી ધ્વજની રચના કરી અને તેના  ધ્વજદંડ તરફના ઉપરના ખુણા પર ચરખો રાખવામાં આવ્યો.



AICC Flag - 1931

આ ધ્વજ ૩૧ જુલાઈ, ૧૯૩૧ સુધી અમલમાં રહયો જો કે પાછળથી **૧૯૩૧**માં જ કોંગ્રેસનાં સાત સભ્યોની એક સમિતિએ લાલ રંગને બદલે કેસરી રંગ વાપરવાનું સૂચન કર્યુ. અને તરત જ તેનો અમલ થયો. સફેદ પટ્ટામાં રેંટિયાને પણ સ્થાન મળ્યું.



CHARAKHA Flag - 1931

જો કે ત્યાર પછી કોંગ્રેસની જનરલ એસેમ્બલીમાં ઝંડાના રંગનો કોંગ્રેસી નેતાઓએ જુદું જ અર્થઘટન કર્યુ. જે ગાંધીજીએ પણ માન્ય રાખ્યું. તેમના જણાવ્યા મુજબ અખંડ ભારતના ઈતિહાસને અમર રાખવા દેશની પંજાબી, મરાઠી, રાજપૂત કોમોએ જે બલિદાન આપ્યું છે, કેસરીયા કર્યા છે તેને બિરદાવવા ત્યાગના પ્રતિકરૂપે ધ્વજનો ઉપલો પટ્ટો કેસરી રંગનો રખાયો. આપણો દેશ ખેતી પ્રધાન છે તે વાત હંમેશા યાદ રહે તે માટે હરિયાળી ક્રાંતિના પ્રતિકરૂપે લીલો પટ્ટો સૌથી નીચે રખાયો. લીલો રંગ વિશ્વાસ અને વીરતાનું ચિહ્ન પણ મનાય છે. તદ્દઉપરાંત આપણે અમનના પૂજારી છીએ. શાંતિના ચાહક છીએ તેની દુનિયાને પ્રતિતિ કરાવવા ધ્વજની મધ્યમાં શ્વેત પટ રખાયો. તેના પર વચમાં રેંટિયો પણ હતો.

આ ઝંડાને ફરકાવી ૧૯૪૨માં 'ભારત છોડો' આંદોલને જોર પકડયું, તો બીજી તરફ નેતાજી સુભાષચંદ્ર બોઝે આ ત્રિરંગાના આશ્રયે અંગ્રેજ સલ્તનત સામે પોતાનો જંગ જારી રાખ્યો. આ જ ત્રિરંગાની રક્ષા કરતાં લખનૌ વિશ્વવિદ્યાલયના સાત વિદ્યાર્થીઓએ પોતાના પ્રાણ આપ્યા.

વખત જતાં ત્રિરંગો ઝંડો રાષ્ટ્રધ્વજને બદલે કોંગ્રેસ પક્ષના ઝંડા જેવો બની ગયો. એટલે આઝાદી પહેલાની પૂર્વ ભૂમિકા તૈયાર કરતી વખતે **૨૨ જુલાઈ ૧૯૪૭**માં બંધારણ સભામાં નવો રાષ્ટ્રધ્વજ અપનાવવામાં આવ્યો. જેમાં નહેરુની શાંતિની ફિલસૂફી વણી લઈને રેંટિયાના સ્થાને ૨૪ આરા ધરાવતાં અશોકચક્રનું પ્રતિક અપનાવ્યું.




બંધારણ સભા સમક્ષ નવા રાષ્ટ્રધ્વજને પેશ કરતી વખતે પંડિત નહેરુએ એવા શબ્દો ઉચ્ચાર્યા હતા કે " આ ધ્વજ જે હું તમારી સમક્ષ રજુ કરી રહયો છું એ કોઈ સામ્રાજય કે રજવાડાનો ઝંડો નથી. આ ધ્વજ પારકા દેશ પર બળજબરીથી ચઢી બેઠેલા દેશનો પણ નથી. એ આપણા સ્વાતંત્ર્યનો પ્રતિક છે એટલું જ નહીં જે કોઈ પણ દેશ આ ઝંડાને જુએ તેને ગુલામીમાંથી મુકત થવાની પ્રેરણા મળે તેવું આપણે ઈચ્છીએ...."

સન ૧૯૪૭, ૧૫ મી ઓગષ્ટના પ્રથમ આઝાદી પર્વના દિવસે દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પરથી વડાપ્રધાન નહેરુના વરદ્ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો આરંભ થયો. જો કે આ પ્રકારનું સૂચન ચાર વર્ષ પહેલા આઝાદહિન્દ ફોઝના સર સેનાપતિ નેતાજી સુભાષચંદ્ર બોઝે કર્યુ હતું. મુંબઈ પ્રાંતિક કોંગ્રેસ કમિટીની રવિવાર તારીખ ૩ ઓગષ્ટ ૧૯૪૭ના રોજ મળેલી સભામાં સમાજસેવક અને સ્વાતંત્ર્ય સેનાની સી.વી. વારદે સુભાષચંદ્ર બોઝની એ ઈચ્છા દહોરાવતો પ્રસ્તાવ તૈયાર કરીને પંડિતજીને સુપરત કર્યો, જે તેમણે સહર્ષ સ્વીકાર્યો હતો.

૧૫મી ઓગષ્ટ અને ૨૬મી જાન્યુઆરીના બે દિવસ રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો હકક દરેક ભારતીયને છે, એ સિવાય ૬ થી ૧૩ એપ્રિલ જલીયાંવાલા બાગ હત્યાકાંડમાં શહીદ થનારાની યાદમાં રાષ્ટ્રીય સપ્તાહ ઉજવાય છે, ત્યારે તથા મહાત્મા ગાંધીના જન્મ દિવસ ૨ ઓકટોબરે પણ રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો દરેક નાગરિકને અધિકાર છે. રાષ્ટ્રપ્રેમની ભાવના વ્યકત કરવા માટે એ ફરજ પણ ગણાય.